# પ્રાચીન ભારતની ચોસઠ કલાઓ

શિક્ષણક્ષેત્રે ભારતનું પ્રદાન અનન્ય રહેલું છે. પ્રાચીન વેદકાળથી જ ભારત શિક્ષણક્ષેત્રે આગવી પ્રતિભા ધરાવીને માત્ર દેશને જ નહીં પરંતુ દુનિયાને પણ માર્ગદર્શન ચીંધતું રહ્યું છે. પ્રાચીનકાળમાં પણ ભારતના લોકો વિવિધક્ષેત્રના જ્ઞાની અને અનેક કૌશલ્યમાં પ્રવીણ હતાં.આજની અનેક અતિઆધુનિક શોધોની કલ્પના જે તે સમયમાં ભારતે કરી હતી. ગણિતમાં શૂન્યની શોધ, ચાણક્યનું નીતિ શાસ્ત્ર. પાણિનીનું વ્યાકરણ, અર્જુનની ધનુર્વિદ્યા, ભીમની ગદાવિદ્યા, રાજા દશરથના શબ્દભેદી બાણ, નલ-નીલ-જામુવન્તની પુલનિર્માણ વિદ્યા, પુષ્પક

વિમાન વગેરેનો સંબંધ પ્રાચીન ભારતના શિક્ષણ સાથે જોડી શકાય. પ્રાચીન ભારતના શિક્ષણના ક્ષેત્રો ખૂબ જ વિશાળ પ્રમાણમાં હતાં. જે અંગેની માહિતી આપણને વેદ-ઉપનિષદ -પુરાણોમાંથી મળી રહે છે. તે સમયે જે જે કલાઓનું શિક્ષણ આપવામાં આવતું હતું તેની સંખ્યા ઘણી વિશાળ પ્રમાણમાં છે. પરંતુ શુક્રાચાર્યના નીતિસાર ગ્રંથમાં મુખ્ય ૬૪ કલાઓનું વર્ણન કરેલ છે. શુક્રાચાર્યના નીતિસારમાં લખ્યું છે- શક્તો મૂકોડપિ યત્ કર્તુકલાસંજ્ઞંતુ તત્ સ્મૃતમા તેવી જ રીતે શ્રી કૃષ્ણ ભગવાનને પણ ચોસઠ કલાઓમાં નિપૂણ દર્શાવ્યા છે. તેમને આ ચોસઠ કલાઓનું શિક્ષણ આપવામાં આવેલું. શુક્રાચાર્યના મતે આ ચોસઠ કલાઓના નામ અલગ અલગ નથી, પરંતુ તેના લક્ષણો અલગ અલગ છે. જે વ્યક્તિ જે કલામાં પારંગત બને તેને તે કલા સાથે જોડવામાં આવતી. જેમકે, રસોઇમાં પારંગત બને તેને “રસોઇઓ“, ચામડાના કામમાં પારંગત બને તે ચમાર, કાપડ સિવવામાં પારંગત બને તે દરજી વગેરે. પ્રાચીન ભારતની ચોસઠ કલાઓ વિશેની માહિતીનું વર્ણનં ટૂંકમા નીચે કરેલ છે.

**૧. નૃત્યકલા :** હાવભાવ સાથે ગતિ જોડાયેલ છે. પ્રાચીન કાળમાં આ કલા ખૂબ જ પ્રખ્યાત હતી. આ સંદર્ભમાં શંકરનું પ્રસિદ્ધ“તાણ્ડવ નૃત્ય“ વર્તમાનના “કથ્થક નૃત્ય“ માં વિકસિત પામેલ છે. પ્રાચીનકાળમાં આ કલા રાજકુમારો અને પ્રતિષ્ઠિત વ્યકિતઓ માટે આવશ્યક ગણાતી હતી. મહાભારતમાં પણ અર્જને અજ્ઞાતવાસ દરમિયાન રાજા વિરાટની પુત્રીને બૃહન્નલા નામ ધારણ કરીને નૃત્યની કલા શીખવી હતી. આજે પણ આ કલા સમાજમાં વ્યાપક રૂપે જોવા મળે છે.

**૨. વાદય કલા :**

તથા તેનો ઉપયોગ કરવાની કલા વાદય કલા તરીકે ઓળખાય છે. નૃત્યની સાથે તેમજ કોઇ ગાનની સાથે વાદ્યનો ઉપયોગ કરવાથી મધુરતા આવે છે. પ્રાચીન ભારતનું મુખ્ય વાદ્ય “વીણા“ હતું.જેને આપણે મા સરસ્વતી અને નારદજી સાથે જોઈ શકીએ છીએ. આ ઉપરાંત શ્રી કૃષ્ણની વાંસળી, શંકર ભગવાનનું ડમરું, વગેરે પ્રખ્યાત છે. સંસ્કૃતમાં વિવિધ વાદ્ય વિશેની માહિતી મળે છે. રાજ્યાભિષેક, વિવાહ ઉત્સવ, ઉપનયન સંસ્કાર અને વિવિધ માંગલિક પ્રસંગોમાં વિવિધ વાદ્યોનો ઉપયોગ કરવામાં આવતો.

**૩. વસ્ત્ર અને અલંકાર સજાવટ કલા :**સંગીત સમારોહ, રાજ્યાભિષેક અને અન્ય માંગલિક ઉત્સવો થાય ત્યારે વસ્ત્ર અને અલંકારની સજાવટ કરવામાં આવતી. જે માટે આ કલામાં નિપૂણ હોય તેની મદદ લેવામાં આવતી. અથવા તો રાજાઓ તેવા વ્યક્તિઓની નિમણૂંક પણ કરતા. આ કલાનો પ્રભાવ વર્તમાનકાળમાં પણ જોવા મળે જ છે.

**૪. શૈયા અને આસ્તરણ કલા :**

શૈયા અથવા તો આસ્તરણ કલા કહેવામાં આવે છે. પ્રાચીનકાળમાં રાજયદરબાર, રાજા-રાણી કે રાજકુમારોના શયનકક્ષ, શ્રીમંત પરિવારનો સ્વાગતરૂમ વગેરે સજાવવા માટે વિભિન્ન રીતોનો ઉપયોગ કરવામાં આવતો. વર્તમાનમાં પણ આ કલાનો એટલો જ ઉપયોગ કરવામાં આવે છે.

**૫. વાઢકાપની કલા :**શરીરના કોઈ ભાગમાં પરું થયું હોય, હાડકાંના સાંધાને જોડવાના હોય, યુદ્ધમાં સૈનિકો ઘવાયા હોય ત્યારે વાઢકાપમાં નિપૂણ વ્યક્તિની મદદ લેવામાં આવતી.આધુનિક યુગમાં પણ વાઢકાપની કલાએ ખૂબ જ વિકાસ સાધ્યો છે.

**૬. પાક કલા:** રસોઈને સ્વાદિષ્ટ અને સુગંધીદાર બનાવવાનો આગ્રહ રાખવામાં આવતો. તે સમયે પણ હીંગ, લવિંગ તથા અન્ય વનસ્પતિનો ઉપયોગ રસોઈને સ્વાદિષ્ટ બનાવવા માટે થતો હતો.પુરાણોમાં પણ આ કલાના જ્ઞાતા વ્યક્તિઓનો ઉલ્લેખ છે. મહારાજા નળ તેમજ ભીમ આ કલામાં પારંગત હતા.વર્તમાનમાં પણ આ કલાનું ખુબ જ મહત્વ છે. જાહેર ભોજન સમારંભો અને હોટલમાં આ કલામાં પારંગત વ્યક્તિઓની જ મદદ લેવામાં આવે છે.

**૭. બાગાયત :** આ કલામાં ફૂલછોડ, વેલા કે અન્ય વનસ્પતિને વાવવાની, ઉગાડવાની અને તેનું સંરક્ષણ કરી ફૂલ, બીજ કે ફળ મેળવવાની બાબતોનો સમાવેશ કરવામાં આવે છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં નયનરમ્ય બગીચાઓ કે ઉપવનોનો ઉલ્લેખ થયેલ જોવા મળે છે. વર્તમાનકાળમાં પણ આ કલાનો ઉપયોગ કરવામાં આવે છે.

**૮. દ્યૂતક્રિડા :**

મેળવવું અને મનોરંજન કરાવવાનો સમાવેશ થાય છે. પ્રાચીનકાળમાં દ્યૂતના અનેક પ્રકાર હોવાના સંકેતો સાંપડે છે. મહાભારત કાળમાં નલ, યુધિષ્ઠિર, શકુનિ તથા રામાયણ કાળમાં વાલી અને સુગ્રિવ આ કલામાં નિપુણ હતા. વર્તમાનયુગમાં આ કલાઓમાં વિકાસ થઈને પરિવર્તન આવ્યું છે.

**૯. કુશ્તી કલા :**

પહેલવાન વચ્ચેની કુશ્તી ખૂબ જ પ્રખ્યાત હતી. પ્રાચીન ભારતમાં ગુરુ વશિષ્ઠ દ્વારા આ કલા શીખવવામાં આવી હતી. શ્રી કૃષ્ણે કંસના બે પહેલવાનો ચાણૂર અને મુષ્ટિકને કુશ્તીમાં પછાડયા હતા. ભીમ અને જરાસંઘ વચ્ચે ઘણાં દિવસ સુધી કુશ્તી ચાલી હતી તેવો મહાભારતમાં ઉલ્લેખ છે. વાલી અને સુગ્રીવની કુશ્તીનો ઉલ્લેખ રામાયણમાં પણ છે. વર્તમાન સમયમાં બોક્સિંગના નામે આ કલા વિકસિત થઇ છે.

**૧૦. વાસણો બનાવવાની કલા :** પ્રાચીન સમયથી જ આપણા દેશમાં માટી, પથ્થર, લાકડું, તાબું, પિત્તળ વગેરેનો ઉપયોગ વાસણ બનાવવામાં થતો હતો.વર્તમાન સમયમાં માનવીએ પોતાની જરૂરિયાત પ્રમાણે તેમાં નવા નવા સંશોધનો કરીને આ કલાનો વિકાસ સાધ્યો છે.

**૧૧. વાસ્તુકલા :** માહિતી મળે છે. તેમાં એ પણ શીખવવામાં આવે છે કે કેવી રીતે, કયું બાંધકામ કરવાથી તે વધુ યોગ્ય ઠરે છે. પ્રાચીનકાળમાં અનેક રાજા-મહારાજાઓએ પોતાના મહેલો વાસ્તુકલાને આધારે બંધાવ્યા હતા. વર્તમાનકાળમાં પણ તેનો પ્રભાવ જોવા મળે છે.

**૧૨. બહુરૂપીની કલા :**

રામાયણમાં મારીચનું મૃગ બનવું, રાવણનું સાધુ બનવું તેવીજ રીતે મહાભારતમાં પાંડવોએ અજ્ઞાતવાસ દરમિયાન વિવિધ રૂપો ધારણ કરેલાં. વર્તમાનમાં આ કલા ફિલ્મમાં અને જાદુના ખેલમાં જોવા મળે છે. આ ઉપરાંત બહુરૂપીના ખેલ ગામડામાં આજે પણ થાય છે જે પ્રાચીનકાળથી ચાલ્યું આવે છે.

**૧૩. ધાતુ ખનન કલા :** પ્રાચીન કાળમાં પથ્થર, સોનું, ચાંદી, લોખંડ, કોલસો વગેરેનું ખોદકામ કરવાની કલા અને તે ધાતુઓની ભસ્મ બનાવવાની કલાનો વિકાસ થયો હતો. વર્તમાનમાં વિજ્ઞાનનો ઉપયોગ કરીને આ કલાનો વિકાસ કરવામાં આવ્યો છે.

**૧૪. ઔષધિ અને ધાતુ મિશ્ર કરવાની કલા :**

વિવિધ પ્રકારની ધાતુંઓ અને ઔષધિઓને યોગ્ય રીતે મિશ્ર કરવું એ પણ એક કલા છે. જેમકે સોનામાં

તાંબું, તાંબામાં પિત્તળ મિશ્ર કરવું. તેવી જ રીતે જુદી જુદી ઔષધિઓને પણ મિશ્ર કરવાનું કામ કોઇ નિપુણ વ્યક્તિ જ કરી શકે. વર્તમાનકાળમાં પણ આ કલાનો વિવિધ રીતે ઉપયોગ કરવામાં આવે જ છે.

**૧૫. મિશ્ર ધાતુઓને અલગ કરવાની કલા :**

ધાતુઓને મિશ્ર કરવી જેમ એક કલા છે તેમ મિશ્રિત ધાતુઓને અલગ પાડવી પણ એક કલા છે. ખાણમાંથી બહાર કાઢવામાં આવેલી ધાતુઓ મિશ્ર સ્વરૂપમાં હોય છે. આવી મિશ્રધાતુમાંથી જુદી જુદી ધાતુઓને અલગ પાડવાની કલા પ્રાચીન ભારતમાં કેટલાક વ્યક્તિઓ પાસે હતી.આધુનિક યોગમાં રસાયણ વિજ્ઞાનમાં આ બાબત જોવા મળે છે.

**૧૬. પેંતરેબાજીની કલા :**

પગ તથા શરીરના કેટલાક ભાગોને વિશિષ્ટ રીતે સંચાલિત કરીને શસ્ત્રો ચલાવવા તથા શસ્ત્રોની દિશા નક્કી કરવાની કલાનો અહીં સમાવેશ થાય છે. પ્રાચીન કાળમાં આ કલા પ્રસિદ્ધ હતી. વર્તમાનમાં આ કલા વિકસી છે. જેમકે, આકાશમાં ઉડતા વિમાનો વિવિધ કરામત દેખાડે છે.

**૧૭. ચિત્ર આલેખન કલા :**

પ્રાચીન કાળમાં આ કલાનો ખૂબ જ વિકાસ થયો હતો. બાણાસુરની કન્યા ઉષાની સખી ચિત્રલેખા આ કલામાં માહેર હતી. તે એક વાર જોયેલ વ્યક્તિનું બરાબર તેના જેવું જ ચિત્ર બનાવી શકતી હતી. વર્તમાનમાં આ કલાનો ખૂબ જ વિકાસ થયો છે.

**૧૮. વસ્ત્ર નિર્માણ કલા :**

પ્રાચીન કાળમાં આ કલાનો પણ ખૂબ જ વિકાસ થયો હતો.સુતરાઉ અને ઊનમાંથી વસ્ત્રો બનાવવામાં આવતાં હતાં.તેનો વ્યવસાય કરનારને વણકર કહેવામાં આવતાં હતાં. કારણ કે તેઓ વણીને કાપડ બનાવતા હતા. ઢાકામાં બનેલી સાડી એક અંગૂઠીમાંથી પણ પસાર કરી શકાતી હતી..વર્તમાનમાં પણ આ કલાનો સારો એવો વિકાસ થયો છે.

**૧૯. વસ્ત્રોને સીવવાની કલા :**

પ્રાચીનકાળમાં વસ્ત્રોને વિવિધ રીતે સીવવામાં આવતાં હતાં. જેમકે રાજા-મહારાજાનો પોશાક, આમજનાતાનો પોશાક, સ્ત્રીઓનો પોશાક સીવવા માટેની અનેકવિધ રીતો હતી. અત્યારે પણ આ કલાનો અત્યંત વિકાસ થયો છે.

**૨૦. વસ્ત્રોની સફાઇ કલા :**

વિવિધ પ્રકારના વસ્ત્રો જેમકે સુતરાઉ, ઊન, મખમલ વગેરેની સફાઇ જુદી જુદી રીતે કરવી એ પણ એક કલા છે. જે પ્રાચીન કાળમાં પ્રખ્યાત હતી.

**૨૧. વસ્ત્રોને રંગવાની કલા :**

આ કલા પ્રાચીન ભારતમાં ઘરે ઘરે હતી તેમ કહીએ તો પણ ચાલે. આ કલામાં નિપૂણ વ્યક્તિ પોતાની પસંદગી મુજબ વિભિન્ન પ્રકારના વસ્ત્રોમાં રંગ પૂરી શકતા હતા. વર્તમાનમાં આ કલાનો પણ વિકાસ થયો છે.

**૨૨. સોના-ચાયંદીના દાગીના બનાવવાની કલા :**

આ કલામાં સોના અને ચાંદીના વિવિધ પ્રકારના દાગીના બનાવવાનો સમાવેશ થાય છે. પ્રાચીન કાળમાં રાજા મહારાજોઓ આ કલામાં નિપુણ વ્યક્તિઓ પાસે જ દાગીના
બનાવડાવતા હતા.વર્તમાનમાં પણ આ કલા ખૂબ જ વિકસિત થયેલ છે.

**૨૩. સોના-ચાંદીને ઓળખવાની કલા :**

સોના અને ચાંદીની અસલીયતને જાણવી એ પણ એક કળા છે. આ માટે પ્રાચીનકાળમાં રાજ દરબારમાં

ચોક્કસ વ્યક્તિઓ હતી. વર્તમાન સમયમાં આ માટે વિવિધ યંત્રોનો ઉપયોગ કરવામાં આવે છે.

**૨૪. નકલી સોના-ચાંદી, હીરા અને મોતી બનાવવાની કળા :**

પ્રાચીન કાળમાં પણ નકલી સોના-ચાંદી-હીરા અને મોતી બનાવવામાં આવતાં હતાં.પ્રાચીન કાળમાં પણ આ કલામાં નિપુણ વ્યક્તિ અન્ય વ્યક્તિને છેતરતી હતી.આજે પણ આ કલાનો મોટા પ્રમાણમાં ઉપયોગ થઇ રહ્યો છે.

**૨૫. રત્નોને ઓળખવાની કલા :**

સોના ચાંદીની જેમ હીરા, રત્નો, માણેક વગેરેને ઓળખવાની કલાનો પ્રાચીન કાળમાં વિકાસ થયેલ હતો. પ્રાચીન કાળમાં પણ અસલી અને નકલી રતનો ઓળખવામાં આવતા હતા એટલું જ નહીં તે રત્નો ધારણ કરવાથી મળતા શુભાશુભ ફળનું પણ જ્ઞાન તે લોકો પાસે હતું.

**૨૬. રત્નોમાં છીદ્ર પાડવાની કલા :**

વિવિધ પ્રાકરના રત્નોનો આભૂષણ તરીકે ઉપયોગ કરવા માટે તેમને એકબીજા સાથે જોડવા પડે છે. આ માટે રત્નોને છીદ્ર પાડીને તાર કે દોરી વડે એકબીજા સાથે જોડવામાં આવે છે. પ્રાચીન કાળમાં રત્નોને છીદ્ર પાડવા અત્યંત મુશ્કેલ હતું.આ કાર્ય નિપૂણ વ્યક્તિઓ જ કરી શકતી હતી. વર્તમાન સમયમાં આ કાર્ય યંત્રોની મદદ વડે કરવામાં આવે છે.

**૨૭. કાચના વાસણો નાવવાની કલા:** આ કલા ભારતમાં પ્રાચીન કાળથી જાણીતી છે. વર્તમાણ સમયમાં આ કલા ખૂબ જ વિકસિત થઇ છે. આજે તો વાસણ ઉપરાંત સુશોભનની વસ્તુઓ અને રમકડાં બનાવવામાં તેનો ઉપયોગ થાય છે.

**૨૮. વાસણો માંજવાની કલા :**

પ્રાચીન કાળમાં વાસણો, માટી, ધાતુ, લાકડા કે કાચમાંથી બનાવવામાં આવતા હતા. આ વાસણો મોટા કે નાના કદના હતા. તેને માંજવા-સાફ કરવા માટેની પણ એક કલા હતી.. આજે આ કલા મરી પરવાડી છે. વાસણો સાફ કરવા ન પડે તે માટે વિવિધ યુક્તિઓનો ઉપયોગ કરવામાં આવે છે.

**૨૯. લોખંડના સાધનો બનાવવાની કલા :**

લોખંડમાંથી શસ્ત્રો કે અન્ય સાધનો બનાવવાની કલા પ્રાચીન ભારતથી જ ચાલી આવે છે. સોયથી માંડીને મિસાઇલ ટેંક સુધની બનાવટ તેના નમૂના છે.

**૩૦. કાઠી બનાવવાની કલા:**

પ્રાચીન ભારતમાં લોકો કે વસ્તુઓની હેરફેર માટે હાથી, ઘોડા,ઊંટ વગેરેનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ પ્રાણીઓની પીઠ પર કાઠી મૂકીને તેમાં વ્યક્તિ બેસતી કે સામાન મૂકવામાં આવતો.જે કલા આજે પણ જોવા મળે છે.

**૩૧. પ્રાણીઓ જેટલી ગતિથી લડવાની કલા :**

પ્રાચીનકાળમાં યુદ્ધના મેદાનમાં હાથી, ઘોડા જેવાં વિવિધ પ્રાણીઓનો ઉપયોગ કરવામાં આવતો. જેથી યોદ્ધાઓ પોતાનો વિરોધી યોદ્ધો જે પ્રાણી પર બેઠેલ હોય તે પ્રાણીની ગતિ મુજબ આગળ વધીને તે પ્રાણી પર બેઠેલા યોદ્ધાનો સામનો કરી શકે તેવી કલા.

**૩૨. પ્રાણીઓના પ્રશિક્ષણની કલા :**

રથ ચલાવવો અને હાથી-ઘોડાને વિવિધ રીતે ચાલતા-દોડતાં શીખવવું એ પણ એક કલા છે. યુદ્ધમાં કે અન્ય પ્રસંગે સવારી કરવા પ્રાણીને યોગ્ય રીતે વર્તન કરવા શીખવવાની કલા પ્રાચીન ભારતમાં વ્યાપ્ત હતી. આ કલા તમામ રાજકુમારો માટે આવશ્યક ગણાતી હતી. આજે પણ આ કલા સરકસ કે ઘરમાં પાલતું પ્રાણીઓ થકી જોવા મળે છે.

**૩૩. યોગ મુદ્રા વડે દેવતાને પ્રસન્ન કરવાની કલા :**

પુરાણો , રામાયણ, મહાભારતના સમયે યુદ્ધમાં આ કલાનો ઉલ્લેખ જોવા મળે છે. વર્તમાન સમયમાં જુદા જુદા આસનો ઉપરોક્ત કલાના લક્ષણો ગણી શકાય.

**૩૪. સમય બતાવનાર સાધનો નિર્માણ કરવાની કલા:** પ્રાચીન કાળમાં સમય બતાવતા સાધનો પ્રાચીનકાળમાં સમય બતાવતાં સાધનો જેવાં કે, જળઘડી, ધૂપઘડી, રેતીઘડી વગેરે સમયનું નિદર્શન કરતી ઘડીયાળો બનાવવામાં આવતી હતી. જે પણ એક કલા જ છે.

**૩૫. અનેક પ્રકારના આસનો તથા સૂરતક્રિડાની કલા:**

આ કલામાં પણ સાત કલાનો ઉલ્લેખ જોવા મળે છે. જેનો ઉલ્લેખ ગાંધર્વ ગ્રંથમાં કરવામાં આવેલ છે. વ્યાકરણ તથા સંગીતનું આધારભૂત તત્ત્વ કલા છે, ગાંધર્વવિદ્યાના ગંથો અત્યારે લુપ્ત થયેલ છે, આમ છતાં નારદ, નન્દિકેશ્વે, મંતગ, કોહલ વગેરે દ્વારા રચાયેલ ગ્રંથના પ્રાપ્ત ભાગમાંથી આ વિદ્યાનું રહસ્ય થોડું સમજી શકાય તેમ છે.

**૩૬. શેરડીના રસમાંથી વિભિન્ન પદાર્થ બનાવવાની કલા :**

શેરડીના રસમાંથી રાબ, ગોળ કે ખાંડ કે અન્ય પદાર્થો બનાવવાની કલા પ્રાચીન ભારતમાં વિકસિત હતી. જે કલાનો આજે પણ ઉપયોગ થાય છે.

**૩૭.** સમુદ્રમાંથી મીઠું મેળવવાની કલા :સમુદ્ર અથવા તો માટીમાંથી મીઠું મેળવવાની કલા પ્રાચીન સમયમાંથી આપણે ત્યાં ચાલી આવી છે.આ કલા અંતર્ગત દસકલાઓ જાણીતી છે, જે આયુર્વેદ સાથે સંબંધ ધરાવે છે.વર્તમાનમાં આ કલાએ વિજ્ઞાનનું રૂપ લઈ લીધું છે.

**૩૮.** વરાળના પ્રયોગોની કલા: વાયુ, જળ અને અગ્નિમાંથી ઉત્પન્ન વરાળથી અનેક યંત્રો ચલાવાતા હતા. આ કલા પ્રાચીનકાળથી પ્રચલીત છે. વર્તમાનમાં પણ આ કલાનો ઊપયોગ વિવિધક્ષેત્રે થઇ રહયો છે.

**૩૯.** વાહનવ્યવહારના સાધનો બનાવવાની કલા: પ્રાચીન કાળમાં જમીન, પાણી અને હવામાં ચાલી શકે તેવા વાહનોનું નિર્માણ કરવાની કલા અસ્તિત્વમાં હતી. વેદોમાં વાહનોના ઉપયોગનું વર્ણન મળે છે. ઉડનખટોલા તેનુ ઉદાહરણ છે. આ ઉપરાંત રામાયણમાં પુષ્પક વિમાન.

**૪૦.** મૃત પ્રાણીઓના શરીર પરથી ચામડું મેળવવાની કલા: પ્રાચીન કાળમાં મૃત પ્રાણીઓના ચામડાનો ઉપયોગ વિવિધ રીતે કરવામાં આવતો હતો. આ માટે મૃતપ્રાણીઓના શરીર પરથી દક્ષતાપૂર્વક ચામડુ હટાવવાની કલાનો વિકાસ થયેલ હતો. જે કલા આજે પણ જોવા મળે છે.

**૪૧.** ચામડાને મુલાયમ કરવાની કલા: મૃતપ્રાણીના શરીર પરથી અલગ કરેલ ચામડાનો યોગ્ય વપરાશ કરવા માટે તેને મુલાયમ કરવામાં આવતું. આ માટે પણ ચોક્કસ વ્યક્તિઓ આ કલાનો ઉપયોગ કરતા હતા.

**૪૨.** દૂધ ઉંત્પાદન કલા: જુદા જુદા પ્રાણીઓ જેવાકે, ગાય, ભેંસ, બકરી વગેરેનો ઉછેર કરવો, તેમનામાંથી દૂધ મેળવવું અને દૂધમાંથી દહીં, માખણ, છાસ, ઘી વગેરે બનાવવાની કલાનો આ કલામાં સમાવેશ કરવામાં આવે છે.

**૪૩.** પાણીમાં તરવાની કલા :તળાવ, નદી, સમુદ્ર વગેરેમાં તરવું એ પણ એક પ્રકારની કલા છે. પ્રાચીન કાળમાં આ કલાનો વિકાસ થયેલો. વર્તમાનમાં આ કલા રમતગમત સાથે જોડવામાં આવી છે.

**૪૪.** હળ ચલાવવાની કલા: ભારત પ્રાચીન કાળથી જ ખેતી પ્રધાન દેશ રહયો છે. આ કલા પ્રાચીનકાળમાં પણ વિકસિત હતી. જેનો ઉલ્લેખ વેદ-પુરાણોમાં જોવા મળે છે.

**૪૫.** ઝાડ પર ચઢવાની કલા: ઝાડ પર ચઢવું એ પણ એક કલા છે. વિશાળકાય, કાંટાળા કે ડાળ વગરના વૃક્ષો પર ચઢવું તે પણ એક કલા છે. જુદા જુદા વુક્ષો પર ચઢવું દરેક વ્યકિત માટે અશક્ય નથી, પરંતુ મુશ્કેલ તો છે જ. આ કલામાં નિપુણ વ્યકિત જ સહેલાઇથી વૃક્ષો પર ચઢી શકે.

**૪૬.** વૃક્ષના અંગોમાંથી વાસણ/ સાધનો બનાવવાની કલા : વાંસ, તાડ, ખજૂર, શણ વગેરેના પાતળા તાર કે રેસામાંથી વિભિન્ન પ્રકારના ટોપલા, સાવરણા, સાદડી વગેરે બનાવવાની કલા પ્રાચીન ભારતમાં વિકાસ પામેલ હતી. આજે તે કુટિર ઉદ્યોગમાં પ્રચલિત છે.

**૪૭.** દોરડા બનાવવાની કલા : વિભિન્ન વૃક્ષોની સાલ અને રેસામાંથી દોરડા બનાવવાની કલા આપણે ત્યાં હતી.આજે પણ આ કલાનો ઉપયોગ કરીને દોરડા બનાવવામાં આવે છે.

**૪૮.** સિંચાઇ કરવાની કલા : ખેતરમાં સારી રીતે પાણી પાવું, ખેતરમાં પાણીની ક્યારે જરૂર છે, કયા પાકને ક્યારે અને કેટલા પાણીની જરૂર છે વગેરેની જાણકારી આ કલામાં આવે છે. જે ખેતી માટે આવશ્યક છે.

**૪૯.** જમીનમાથી પાણી બહાર કાઢવું : મીનમાથી ખેતીના ઉપયોગ માટે ચોક્કસ પ્રકારની જમીનમાંથી પાણી બહાર કાઢવું અને તેને ચોક્કસ જગ્યા સુધી પહોંચાડવાની પ્રવૃત્તિનો આ કલામાં સમાવેશ થાય છે.

**૫૦.** શિશુઓના પાલન પોષણની કલા : જન્મજાત શિશુઓની સારસંભાળ લેવી અને તેને સ્વચ્છ રાખવા માટેના ઉપાયો, તેનું પાલનપોષણ, ભરણપોષણ વગેરે સુવ્યવસ્થિત રીતે કરવું તે પણ એક કલા છે. જે દરેક માબાપ માટે આવશ્યક કલા છે.

**૫૧.** રમકડાં બનાવવાની કલા : બાળકોના શિક્ષણ ઉપરાંત મનોરંજન મેળવવા માટે અને સ્વાસ્થ્ય સારું બનાવવા માટે વિભિન્ન પ્રકારના રમકડાં બનવવા એ પણ એક કલા છે. જે કલા પ્રાચીનકાળથી ચાલી આવે છે. આ માટે યાદ કરો " શિશિો: સંરક્ષણે, જ્ઞાન ધારને ક્રીડને કલા:।"

**૫૨.** હજામત કરવાની કલા: પરુષો આકર્ષક દેખાવા માટે હજામત કરાવે છે. આ કલા પ્રાચીન સમયથી પ્રચલિત છે અને અત્યારે સંપૂર્ણ પણે વિકસિત છે.શેરીમાં, બજારમાં જ નહીં પરંતુ કેટલાક ધાર્મિક સ્થાનો પર આ કલાનો ઉપયોગ થઇ રહ્યો છે.

**૫૩.** મનાનુકૂલન સેવા કરવાની કલા : બીજી વ્યક્તિની ઇચ્છા, ભાવના, લાગણીને જાણીને તેને અનુકૂળ સેવા કરવી તે પણ એક કલા છે. પ્રાચીન સમયમાં શિષ્યો, રાજસેવકો વગેરેને આ કલાનું જ્ઞાન હોવું આવશ્યક ગણાતું હતું. આ કલાને ન જાણનાર કોઇને પ્રસન્ન કરી શકતો નથી.

**૫૪.** મકરંદોમાંથી રસ અને દા દારૂ બનાવવાની કલા : રૂ :વિભિન્ન પ્રકારના મકરન્દોમાંથી રસ અને દારૂ બનાવવા એ પણ એક કલા છે. જેમકે કેરીનો રસ (જ્યુશ), ગુલાબરસ તેમજ દ્રાક્ષ અને મહુડામાંથી દારૂ બનાવવો. આ કલા પ્રાચીન કાળથી આપણે ત્યાં ચાલી આવે છે.

**૫૫.** પાન(પર્ણ)ને સાચવવાની કલા: જમ્યા પછી કે સમયાંતરે પાન ખાવાની ટેવ પ્રાચીન કાળથી ચાલી આવે છે.જેથી પાનને લાંબા સમય સુધી સાચવી રાખવાની કલા એટલે કે પાનને એવી રીતે સાચવવા કે જેથી લાંબા સમય સુધી બગડે કે સડે નહીં.આ કલાનો વિકાસ પ્રાચીન સમયથી થતો આવ્યો છે. આજે પણ પાનના ગલ્લા પર કે અન્ય સ્થળે આ કલાનો ઉપયોગ કરવામાં આવે છે.

**૫૬.** તૈલી પદા પદાર્થોમાંથી તેલ કાઢવાની કલા : ર્થોમાંથી વિભિન્ન પ્રકારના તૈલી પદાર્થોમાંથી તેલ કાઢવાની કલા આપણે ત્યાં પ્રાચીન કાળમાં પણ અસ્તિત્વમાં હતી.પ્રાચીન કાળમાં આ કલામાં માનવી પોતાના હાથનો ઉપયોગ કરતો હતો, આજે મશીનનો ઉપયોગ કરવામાં આવે છે.

**૫૭.** મુક્ષ્ઠિ પ્રહાર વડે શત્રુનો સામનો કરવો : કોઇ વ્યક્તિથી રક્ષા કરવા માટે કે શત્રુને બદલો વાળવા માટે શસ્ત્રોનો ઉપયોગ કર્યા સિવાય હાથની મુક્ષ્ઠિનો ઉપયોગ કરવાની કલાનો અહીં ઉપયોગ કરવામાં આવે છે. વર્તમાન સમયમાં જુડો-કરાંટેમાં આ કલાનો ઉપયોગ થતો જોવા માળે છે.

**૫૮.** ધારેલા સ્થાન પર મંત્રો વડે શસ્ત્રો ફેંકવાની કલા : આપણો દેશ ઋષિ-મુનિ અને તપસ્વિનો દેશ રહ્યો છે. યુદ્ધ સમયે મંત્રોનો જાપ કરીને જુદા જુદા પ્રકારના શસ્ત્રોને ધારેલા સ્થાન પર ફેંકવાની કલા આપણે ત્યાં પ્રાચીન કાળમાં હતી. વર્તમાનમાં આ કલાનો ઉપયોગ મિસાઇલ , રોકેટો કે પાયલોટ વગરના વિમાનમાં કરવામાં આવે છે.

**૫૯.** અપરાધીઓને દંડ આપવાની કલા : અપરાધીએ કરેલા અપરાધ પ્રમાણે સજા કરવામાં આવતી. જુદા જુદા અપરાધ માટે જુદી જુદી સજા આપવી એ પણ એક કલા છે. વર્તમાન સમયમાં અદાલત કે ગ્રામ્યપંચો દ્વારા અપાતી સજા ને આધુનિક સ્વરૂપ કહી શકાય.

**૬૦.** વિભિન્ન દેશની લિપીને સુંદર રીતે લખવાની કલા: આ કલામાં ભારત પ્રાચીન કાળથી જ આગળ છે. મહાભારતના સવા લાખ જેટલા શ્લોકનો ગ્રંથ, પહેલેથી અંત સુધી સમાન પ્રકારના અક્ષરોમાં લખાયેલ છે. કયાંય એક પણ અક્ષર નાનો કે મોટો નથી. શાહી પણ દરેક જગ્યાએ સમાન છે. આ સિવાયના આપણા પ્રાચીન ગ્રંથ પણ આપણને આ કલાની સાબિતી પૂરી પાડે છે.

**૬૧.** કાષ્ઠકલા: લા:આ કલા પ્રાચીન સમયથી જ ખૂબ જ પ્રખ્યાત રહી છે. આ કલામાં લાકડામાંથી વિવિધ ફર્નિચર, સાધનો, વાસણો, રમકડાં વગેરે બનાવવામાં આવતાં. ઉપરાંત આ વિવિધ વસ્તું પર સુંદર કોતરણી કામ પણ કરવામાં આવતું. આ સિવાય પણ ઘર કે અન્ય મકાનો બાંધવામાં પણ લાકડાનો ઉપયોગ કરવામાં આવતો.

**૬૨.** વાદ્ય સાધનો બનાવવાની કલા: વિભિન્ન પ્રકારના સંગીતના સાધનો પ્રાચીન કાળમાં બનાવવામાં આવતાં.જેમકે, વીણા, ડમરું, હારમોનિયમ, રાવણહથ્થો, વાંસળી વગેરે. કેટલાક પ્રાચીન ગ્રંથોમાં આ સાધનો બનાવવાની કલાનો ઉલ્લેખ થયેલો છે.

**૬૩.** આદાનકલા: કાર્ય કર્યા વગર કશું જ થવાનું નથી. માટે પ્રત્યેક લક્ષ્ય પ્રાપ્તિ માટે કાર્ય કરવું જરૂરી છે. કોઇ પણ કાર્યને સ્ફૂર્તિથી કરવાની કલા આદાનકલા કહેવાય છે. પ્રાચીન સમયના એવાં ઘણાં પાત્રો છે કે જે ખૂબ જ સ્ફૂર્તિથી કામ કરતાં હતાં.

**૬૪.** પ્રદાનકલા : કોઇ પણ કાર્યને લાંબા સમય સુધી કરવા માટેના સામર્થ્યને પ્રદાનકલા કહે છે. એટલેકે કોઇ પણ વ્યક્તિ કોઇ ચોક્કસ કાર્ય કેટલા લાંબા સમય સુધી કરી શકે છે? આમ પ્રાચીન કાળમાં આ ચોસઠ કલાનું શિક્ષણ આપવાની વ્યવસ્થા હતી. વ્યક્તિ પોતાના વંશ અને વાતાવરણ પ્રમાણે જરૂરી કલાનું શિક્ષણ લેતી. તે સમયે શિક્ષણના મુખ્ય ત્રણ ઉદ્દેશ હતા, જે આજે પણ છે. (૧) જ્ઞાનપ્રાપ્તિ (૨) ચારિત્ર્ય - સદાચાર (૩) જીવિકોપાર્જન- રોજીરોટી. આ ઉદ્દેશને ધ્યાનમાં રાખી અભ્યાસક્રને ખૂબ જ વ્યાપક બનાવવામાં આવતો. ટૂંકમાં ધર્મ, અર્થ, કામ, મોક્ષ આ ચાર પુરુષાર્થને ધ્યાનમાં રાખી શિક્ષણનો ક્રમ નક્કી કરવામાં આવેલ.- ( ભારતીય ઇતિહાસ માંથી)